# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૯/૦૬/૨૦૨૬ થી તા.૦૫/૦૭/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):** તમારા નિર્ણય ભવિષ્યમાં લાભદાયક સાબિત થશે. પરિવાર સાથે કુટુંબ સમાજ વગેરેની સમસ્યાની ચર્ચાથી રસ્તો મળે. તમારા કામની કદર થશે. વિદેશને લગતાં કામ પાર પડશે. સમાજ અને જાહેરજીવનમાં યશ મળે. નોકરીમાં જવાબદારી સાથે પ્રમોશન થાય. કામ કરવાની રીતમાં સુધારો થાય. સ્ત્રી વર્ગનો સાથ મળે. સંપત્તિના સોદા થઈ શકે છે. વિદ્યાર્થીઓને ટેકનોલોજીનું શિક્ષણ મળે. પ્રેમમાં ગેરસમજ થાય. શેરબજારમાં લાભ થાય.

**વૃષભ (બ,વ,ઉ):** વીકની શરૂઆત આરોગ્યને લગતી સમસ્યાથી થાય. સ્ત્રી વર્ગને નબળાઈનો અનુભવ થાય. નકારાત્મક વિચારો આવે. આપેલા કામમાં પરિશ્રમ વધશે. જીવનસાથી અને વડીલોના ખર્ચા અને દોડધામ વધશે. સસરા પક્ષ તરફથી ભેટ મળે. પ્રેમજીવનમાં ઉત્સાહ વધશે.અચાનક ધન લાભ કે ઉઘરાણી આવે. ધાર્મિક સાહિત્ય-પ્રવાસના કામમાં પ્રગતિ થાય. પરીક્ષા અને ઈન્ટરવ્યુમાં સફળતા મળે. મહેનતનું ફળ મળે. શુભ સમાચાર મળે.

**મિથુન (ક,છ,ઘ):** કાર્યક્ષેત્ર પર તમારી મહેનત અને લગન સફળતાના નવા રસ્તા ખૂલશે. તમારી સલાહ પરિવારમાં ખુશી લાવશે. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. સમાજમાં માન વધે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહની ઓફર આવી શકે છે. આરોગ્ય નરમ રહે. સરકારી કામમાં મદદ મળે. અચાનક ઉઘરાણી આવી શકે છે. જીવનસાથી સાથે ધર્મ-કર્મ અને સામાજિક કામ થાય. પ્રોપર્ટી ખરીદ-વેચના કામમાં ગતિ આવે. શુભ સમાચાર મળે.

**કર્ક (ડ,હ):** નોકરીમાં યશની સાથે જવાબદારી વધે. ધંધામાં નવી યોજના બને. સરકારી નોકરીમાં પ્રમોશન મળે. આરોગ્ય નરમ રહે. વિજાતિય મિત્રોથી સાવધાન. સ્વભાવ ઉગ્ર બને. નવા ફેરફારથી દોડધામ વધે. સમાજમાં માન મળે. પરિવારની સમસ્યાનું સમાધાન થાય. પારિવારિક ભાગીદારીના કામમાં નવી તક મળે. સરકારી નોકરીની શક્યતા વધશે. ઉઘરાણી આવવાથી રાહત થાય. પડવા-વાગવા અને પાણીથી સાવધાન રહેવું.

**સિંહ (મ,ટ):** તમારા નિર્ણયો હકારાત્મક રહે. ખાસ સંતાન અને જીવનસાથીના કામમાં સફળતા મળે. ઈન્ટરવ્યુમાં પ્રગતિ રહે. પ્રેમ જીવનમાં સાથ મળે. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. આંખની કાળજી લેવી. હરીફોની હેરાન ગતિ વધશે. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. હાથમાં લીધેલ કામમાં ગતિ આવે. સમાજજીવનમાં સમસ્યા સતાવે. રોજની આવક વધશે.

**કન્યા (પ,ઠ,ણ):** ખાવા-પીવાનાં શોખીનને મનપસંદ પાર્ટીનો આનંદ મળે. ઘરમાં નવા ફેરફાર થાય. સંપત્તિના સોદા થાય. વારસાના કામમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે વડીલોનો સાથ મળે. બહારનાં કામ થાય. સંતાનોના અભ્યાસની ચિંતા સતાવે. મોજ-શોખના ધંધામાં આવક વધે. શેર, સટ્ટા, લોટરીમાં પ્રગતિ થાય. મિત્રો સાથે સમાજ સેવા થાય. વિશ્વાસઘાતથી સાવધાન. પાણીથી દૂર રહેવું.

**તુલા (ર,ત):** હરીફાઈનો અનુભવ કરાવનાર વીક રહે. પરીક્ષા ઈન્ટરવ્યુ વગેરેમાં હકારાત્મક પરિણામ મળે. ભાઈ-બહેનોને મદદરૂપ બનશો. વહીવટી કુશળતા અને કામની લગન નવી દિશા ખોલશે. નવાં લોકોથી સાવધાન રહેવું. ખાવા-પીવા માટે પાર્ટીનું આયોજન થાય. ઘરમાં અવર-જવર વધે. બહારના કામનો બોજ સતાવે. નોકરીમાં નવી તક મળે. પ્રેમમાં ગેરસમજ થાય. સ્વાર્થી લોકોથી બચવું.

**વૃશ્ચિક (ન,ય):** તમારા વ્યવહાર, બૌદ્ધિક વિચાર અને હાજર જવાબીપણું ઘર અને કામની જગ્યાએ પ્રભાવ વધારશે. પરિવારમાં નવી જવાબદારી મળે. નાનાં સભ્યોને મદદરૂપ બનશો. ખાણી-પીણી-મોજ-શોખ, પ્રવાસ, દલાલી, શિક્ષણ જેવા કામમાં સફળતા મળે. નવા મિત્રોથી સાવધાન રહેવું. નવી બચત યોજના બને. નોકરી-ધંધામાં નવી તક ઊભી થાય. આત્મ વિશ્વાસ વધે તેવા સમાચાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ):** તમારો પ્રભાવ વધે તેવાં કામ મળે. આરોગ્યને લગતાં કામ પાર પડશે. સામાજિક કામ થાય. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં મિલન મુલાકાત થાય. દાંપત્યજીવનમાં તાલમેળ વધે. પ્રેમવિવાહની શક્યતા વધે. પરિવારમાં ખુશીમય વાતાવરણ રહે. સાથીઓનો સાથ નવી તકમાં મદદરૂપ બનશે. પારિવારિક ધંધામાં આવક વધે. ઉઘરાણી આવી શકે છે. વહીવટી કુશળતા અને આત્મવિશ્વાસથી હાથ પરનાં કામ થાય.

**મકર (ખ,જ):** વાણી અને લાગણીઓ પર કાબૂ રાખવો. પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ થાય. વિદેશના કામમાં સફળતા મળે. સામાજિક કામમાં યશ મળે. વાદવિવાદથી દૂર રહેવું. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં સાવધાન રહેવું. અચાનક શુભ સમાચાર મળે. ઘરમાં વાતાવરણ અશાંત રહે. ખર્ચા વધશે. અડોશ-પડોશ સાથે વિવાદ ટાળવો. ખાણી-પીણીના ધંધામાં આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ):** નવા પારિવારિક સંબંધો માટે વીક અનુકૂળ રહે. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. નવા વેપાર ધંધા થાય. મિત્રો સાથે સામાજિક કાર્ય થાય. પ્રેમમાં સાથ મળે. વિદ્યાર્થીઓને મદદ મળે. અચાનક આવક વધે. સરકારી કામમાં વિઘ્નો આવે. પોલીસ ખાતાના કામમાં મદદ મળે. માનસિક ભયથી આરામ કરવાનું મન થાય. પડવા-વાગવા પાણીથી સાવધાન. ગુસ્સા પર કાબૂ રાખવો.

**મીન (દ,ચ,ઝ,થ):** તમારી મહેનત રંગ લાવે. કંપની તરફથી ઈનામ કે ભેટ મળે. નોકરીમાં પ્રમોશન મળે. નવા પ્રોજેક્ટની જવાબદારી મળે. પારિવારિક વ્યવસાયમાં નવી યોજના બને. મોજ-શોખના ધંધામાં આવક વધશે. પુત્રી સંતાનથી શાંતિ મળે. સંતાનોના અભ્યાસમાં પ્રગતિ થાય. વફાદાર મિત્રોની મદદથી અટકેલા કામમાં પ્રગતિ થાય. વિદેશ પ્રવાસ અને ધાર્મિક યાત્રાનાં કામ પાર પડશે.

## ગોચરમાં પરિવર્તન લાવનાર ગ્રહોની ચાલ

દેશ અને દુનિયા પર ગ્રહોનો અભ્યાસ વૈદિક જ્યોતિષના મેદનીય જ્યોતિષથી ખૂબ જ સારી રીતે કરવામાં આવે છે. ગ્રહોની ગોચર ગતિથી નિર્માણ થતા યોગો, યુતિ, પ્રતિયુતિ, પ્રાણી માત્રના માનસ પર અસર કરે છે. જળ, થલ, અને આકાશ પ્રભાવિત થાય છે. દુનિયામાં 2018થી ખતરનાક પરિવર્તન જોવા મળે છે. કેટલાક દેશોમાં બળજબરીપૂર્વક સત્તા પરિવર્તન કરવામાં આવ્યા છે. આપણા દેશમાં પણ કેટલાંક રાજ્યોમાં સામ, દામ,દંડ અને ભેદનીતિથી સત્તા પરિવર્તન થયા છે. ગોચરના ગ્રહોની ચાલ ભારતમાં અણધારી કોઈ મોટી ઘટના ઘટવાના સંકેત આપે છે.

મેદનીય જ્યોતિષમાં શનિ દેવ લોકતંત્ર, સત્તા, જનતાનું સંતુલન કરનાર છે. સાલ 2025થી શનિ અને નેપચ્યૂનની યુતિ જે દર 36 વર્ષ થતા મહા પરિવર્તન યોગ કરે છે. શનિ વાસ્તવિક્તાના કારક છે. જ્યારે નેપચ્યૂન સપનોનો સોદાગર છે. આ સમય કાળ સપનોને હકીકતમાં બદલવાનો હોય છે. આ બંને ગ્રહોની યુતિથી એક ઊર્જા પેદા થાય છે. જેના કારણે જીવનમાં અથવા પ્રજા કે કોઈ સમૂહમાં અનુશાસન આવે છે અને ભ્રમને તોડીને વ્યાવહારિક યોજનાઓને પૂર્ણ કરવાની શક્તિ કે વાતાવરણ પેદા કરે છે. શનિ-નેપચ્યૂન જ્યારે સાથે આવે છે ત્યારે જીવનની કે સમાજ, સરકાર, ધર્મ વગેરેની વાસ્તવિકતા સામે લાવે છે. આજકાલ જે દેશ અને દુનિયામાં થઈ રહ્યું છે તેની વાસ્તવિકતા દુનિયાની સામે આવી રહી છે. આપણા દેશની વાસ્તવિકતા લોકોની સામે આવવા લાગી છે. આ એક મહત્ત્વાકાંક્ષી લોકોનું ધ્યેય સિધ્ધ કરનાર સમય છે. સપનોને હકીકતમાં પરિવર્તન કરનાર સમય ચાલે છે. નેપચ્યૂન વિચાર આપે છે અને શનિ સાકાર કરવાની મહેનત અને અનુશાસન આપે છે. પોતાની યોજનાને નવી અને મજબૂત રીતે પૂર્ણ કરવાનો સમય હાલ ચાલી રહ્યો છે. આ યુતિ સમાજ અને વ્યક્તિગત જીવનમાં મોટા બદલાવ લાવનાર છે. જો ધીરજ, અનુશાસન અને શુભ હેતુથી યોજનાને ગતિ આપવામાં આવે તો નવાં હકારાત્મક પરિણામ લાવી શકાય તેવી મદદનો સમય છે. આધ્યાત્મિક ગ્રહ નેપચ્યૂન અને શનિ ધર્મ અને ધર્મ સાથે જોડાયેલ લોકોને ખુલ્લા પાડશે. દેશની જનતાનો વિશ્વાસ ધર્મગુરુઓ અને ધર્મ સાથે જોડાયેલ કાર્ય કરનાર પરથી ઊઠી જશે અને એક ભયંકર આક્રોશ પેદા કરીને નવા આંદોલનને હવા આપશે. નેપચ્યૂન સાયન મેષમાં ભ્રમણ કરે છે. જૂન 2027એ શનિ પણ મેષમાં આવશે. આ સમય મહા પરિવર્તનનો છે. સામાજિક, ધાર્મિક, ન્યાય રાજકીય બદલાવ ચોક્કસ આવશે. શનિ ન્યાયના દેવ છે. પ્રજા ન્યાય બાબતે જાગૃત થશે અને વર્તમાન સરકારમાં મોટા ફેરફાર થાય. નવી સરકાર આવી શકે છે. મંત્રી મંડળના નવા ચહેરા જોવા મળશે.

ગોચરની બીજી અદભુત ઘટના તા. 02-06-2026 થી અધિચારી ગુરુનો કર્ક રાશિમાં પ્રવેશીને ક્રાંતિકારી ગ્રહ પ્લુટો સાથેની પ્રતિયુતિ છે. આ યોગ નવી ક્રાંતિનો છે. જનતા અને સત્તાની વચ્ચે શક્તિવાળી ટકરાવ પેદા કરનાર યોગ છે. ગુરુ વિસ્તાર, આશા, ધર્મ, જ્ઞાન, વિસ્તાર કે રાજ્ય વગેરેનું પ્રતીક છે. આ તમામ બાબતોનો વિસ્તાર કરવાની શક્તિ આપનાર છે. પ્લુટો સત્તા, નિયંત્રણ, રહસ્ય, ગહરાઈ અને બદલાવનું પ્રતીક છે. પ્લુટો વાસ્તવિક્તાની ઊંડાઈ-જડ સુધી જનાર ગ્રહ છે. આ પ્રતિયુતિ લોકો અને અધિકારી કે સત્તા અથવા રાજ્ય સાથે અધિકાર અને નિયંત્રણને લઈને ટકરાવ પેદા કરે છે. અતિ આત્મવિશ્વાસ પેદા કરે છે અને પોતાના વિચારો બીજા પર નાખવાની કોશિશ કરાવીને ઘર્ષણ પેદા કરે છે. આ પ્રતિયુતિ દેશમાં મોટા બદલાવના સંકેત આપે છે. લોકોના મૂળભૂત વિચારો બદલીને નવા નવા વિચારો તરફ દોરી જાય છે અને ક્રાંતિ પેદા કરે છે જે પરિવર્તનમાં ફેરવાય છે. દબાણ પેદા કરીને મોટી ભૂલો તરફ દોરી જાય છે. જે જનતા અને સરકાર બંનેને ભારી પાડનાર યુતિ છે.

ત્રીજી શક્તિશાળ ઘટના તા. 21-06-2026 મંગળ વૃષભ રાશિ અને કૃતિકા નક્ષત્રમાં હર્ષણ પણ કૃતિકામાં છે. આ યુતિ અચાનક આક્રમણ અને બદલાવ લાવનાર બને છે. આ બંને વિરોધાભાસી ગ્રહો જબરજસ્ત ઊર્જા, ગુસ્સો અને કંઈક નવું કરવાની સનક પેદા કરનાર બને છે. મંગળ, ઊર્જા, સાહસ, ક્રોધ અને ઉતાવળનો કારક છે. જ્યારે હર્ષલ વિદ્રો, અચાનક ઘટનાર ઘટના, આધુનિક વિચાર અને ટેકનોલોજી અને અનિશ્ચિતતાનો કારક છે. અવિચારી સાહસથી મુશ્કેલી પેદા કરનાર બને છે. ઈચ્છા શક્તિને મજબૂત કરે છે અને ચાલુ ઘટનાને બળ આપીને પૂર્ણ કરનાર બને છે. ભયંકર અકસ્માત કે યુદ્ધ જેવી સ્થિતિ પેદા કરશે. મંગળ, હર્ષલની યુતિ વર્તમાન સરકાર અને આંદોલન કરનાર C.Y.P. વચ્ચે ભયંકર ટકરાવ પેદા કરશે. જે બંને પક્ષે નુકસાન કરનાર સાબિત થશે. સરકારમાં નવા ફેરફાર થશે. સ્વતંત્ર ભારતની કુંડલીમાં આ યુતિ પ્રથમ ભાવમાં થાય છે જે અનિયંત્રિત બનાવશે. દેશમાં વિદ્રો પેદા થાય. 02-08-2026 સુધીનો સમય સરકાર માટે કસોટીનો રહેશે. સરકારના નિર્ણયો જનતાને ગમશે નહીં અને લડત ઉગ્ર બનશે. આપણા વડા પ્રધાન મોદીજીની કુંડલીમાં સાતમા ભાવમાં થાય છે. જે અલગાવના યોગ કરે છે. કેટલાક સાથીઓ છૂટા પડે. મંત્રીમંડળના નવા ચહેરા આવે. જૂના વિદાય થાય. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની કુંડલી પ્રમાણે એપ્રિલ 2026ની જુલાઈ 2026નો સમય વિદાયનો છે. 23-06-2026 થી 11-07-2026 સુધીમાં રાજીનામું કે અન્ય રીતે તેમની વિદાય થઈ શકે છે. દેશના રાજકારણમાં પરિવર્તન આવે તેવા ગ્રહયોગ છે. મંગળ-હર્ષલની યુતિ કોઈ મહત્ત્વના રાજનેતા પર હુમલાના યોગ કરે છે. રાહુલ ગાંધીના આઠમા ભાવમાં આ યોગ અશુભ બને છે.

# બનાસકાંઠાના હડાદમાં સૌથી વધુ 1.18 ઈંચ વરસાદ

**24** કલાકમાં રાજ્યના 7 તાલુકામાં વરસાદ નોંધાયો

**રાજ્યના** પાંચ શહેરોનું તાપમાન 41 ડિગ્રી સુધી પહોંચ્યું

ગાંધીનગર : રાજ્યમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ધીમી ગતિ વચ્ચે અનેક વિસ્તારોમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય તેવી આગાહી કરી છે. બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદી પ્રવૃત્તિ વધવાની સાથે અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ અને ગાજવીજની યલો એલર્ટ જાહેર કરવામાં આવી છે.

રવિવારે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમરેલી અને ડીસામાં 40 ડિગ્રી જ્યારે કંડલા એરપોર્ટ પર પણ 40 ડિગ્રી તાપમાન નોંધાતા લોકોને ગરમીનો ભારે અનુભવ થયો હતો. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ રવિવારે સાંજે છ વાગ્યા સુધી દાહોદના ઝાલોદ અને છોટા ઉદેપુરના શંખેડામાં નજીવો વરસાદ નોંધાયો હતો.

જ્યારે છેલ્લા 24 કલાક દરમિયાન બનાસકાંઠા, મહીસાગર, સાબરકાંઠા અને દાહોદ સહિત કુલ સાત તાલુકાઓમાં વરસાદ થયો હતો. જેમાં બનાસકાંઠાના હડાદમાં સૌથી વધુ 1.18 ઈંચ વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઉત્તર સીમા હાલ સુરત, ઈન્દોર, મંડલા, ડાલ્ટનગંજ અને મોતીહારી સુધી પહોંચી છે. આગામી બે-ત્રણ દિવસમાં ઉત્તર અરબી સમુદ્ર, ગુજરાતના વધુ વિસ્તારો તેમજ મધ્યપ્રદેશ સહિતના રાજ્યોમાં ચોમાસું આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ બની રહી છે.

29 જૂને ઉત્તર ગુજરાતના અરવલ્લી, ખેડા, અમદાવાદ, સાબરકાંઠા, ગાંધીનગર, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં અનેક સ્થળોએ વરસાદ વરસી શકે છે.

છોટાઉદેપુર, નર્મદા, ડાંગ અને તાપી જિલ્લામાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉપરાંત દક્ષિણ ગુજરાત અને પંચમહાલ, દાહોદ તથા મહીસાગરમાં 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ગાજવીજ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

30 જૂન, 1 જુલાઈ અને 2 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

આ દરમિયાન સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, ગીર સોમનાથ સહિતના જિલ્લાઓમાં પણ છૂટાછવાયા વરસાદની શક્યતા છે.

2 જુલાઈએ દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ અને 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

3 અને 4 જુલાઈએ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની સંભાવના છે. 3 જુલાઈએ સુરત, ડાંગ, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. સાથે જ દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

4 જુલાઈએ પણ સુરત, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદની સંભાવના યથાવત રહેતા યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. 5 જુલાઈએ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

જ્યારે સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને દમણ, દાદરા-નગર હવેલીમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

## સચિન GIDCમાં 17 વર્ષની કિશોરીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

સુરતઃ સચિન જીઆઈડીસી વિસ્તારમાં રહેતા એક શ્રમજીવી પરિવારની 17 વર્ષની કિશોરીએ ઘરમાં ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું છે.

મૂળ ઉત્તરપ્રદેશના ફતેહપુર જિલ્લાના બેરહરા ગામના વતની પરસુરામ નિષાદ હાલ પરિવાર સાથે સચિન જીઆઈડીસીના તલંગપુર રોડ પર આવેલા પંચવટી નગરમાં રહે છે અને મજૂરી કામ કરે છે. તેમની 17 વર્ષીય પુત્રી જ્યોતિ માતાને ઘરકામમાં મદદ કરતી હતી. શનિવારે સાંજે માતા અને બહેન બહાર ગયા હતા. ત્યારે જ્યોતિ ઘરમાં એકલી હતી. આ દરમિયાન તેણે પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. થોડીવાર બાદ માતા અને બહેન ઘરે પરત ફરતાં જ્યોતિને ફાંસો ખાધેલી હાલતમાં જોઈ તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી.

## ગાંધીનગરમાં કોસ્ટ ગાર્ડના જવાને રાઈફલથી પોતાને ગોળી મારી, હાલત ગંભીર

**ક્યા** કારણોસર આ પગલું ભર્યું એ રહસ્ય અકબંધ

**પ્રાથમિક** રીતે ઘરેલુ વિવાદનું કારણ હોઈ શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી

ગાંધીનગરઃ ગાંધીનગરના સેક્ટર-1 સ્થિત ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ ઓફિસર્સ મેસમાં રવિવારે સવારે કોસ્ટ ગાર્ડના 43 વર્ષીય જવાને પોતાની સર્વિસ રાઈફલથી ગળાના ભાગે ગોળી મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત જવાનને પ્રથમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા બાદ વધુ સારવાર માટે અમદાવાદની કે.ડી. હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ જવાનની ઓળખ હસમુખભાઈ ચતુરભાઈ પ્રજાપતિ તરીકે થઈ છે, જેઓ લેકાવાડા કોસ્ટ ગાર્ડ ખાતે ફરજ બજાવતા હતા.

તેઓ ઓફિસર્સ મેસમાં નાસ્તો કરવા આવ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં પોલીસ અને એફએસએલની ટીમ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી.

પ્રાથમિક તપાસમાં કોઈ સુસાઈડ નોટ મળી આવી નથી. પોલીસના જણાવ્યા મુજબ ઓફિસ તરફથી કોઈ ત્રાસ હોવાની માહિતી સામે આવી નથી, જ્યારે પ્રાથમિક રીતે ઘરેલુ વિવાદનું કારણ હોઈ શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. બનાવના પગલે જવાનની પત્ની પણ બેભાન થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર મામલે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ એરપોર્ટ પર 11 કરોડનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો

**કસ્ટમ્સના** સ્નિફર ડોગની પ્રથમ કાર્યવાહીમાં મોટી સફળતા

અમદાવાદઃ અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે બેંગકોકથી આવેલા એક મુસાફરની ટ્રોલી બેગમાંથી અંદાજે રૂ. 11 કરોડની કિંમતનો 10.911 કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો છે. આ કેસમાં જૂનાગઢ જિલ્લાના માંગરોળના રહેવાસી સૈફુલ્લા ઈબ્રાહિમ ખાદીમની ધરપકડ કરીને એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટે ફ્લાઈટ દ્વારા આવેલા મુસાફરની ચેક-ઈન બેગની તપાસ દરમિયાન સ્નિફર ડોગના સંકેતના આધારે કાર્યવાહી કરી હતી. તપાસમાં બેગમાંથી ચાંદીના રંગના પાંચ પોલીથીન પેકેટ મળી આવ્યા હતા, જેમાં રહેલા પદાર્થની ફિલ્ડ ટેસ્ટમાં હાઈડ્રોપોનિક ગાંજો હોવાનું સામે આવ્યું હતું.

ખાસ વાત એ છે કે કસ્ટમ્સ વિભાગના નવા તાલીમબદ્ધ સ્નિફર ડોગે પોતાની પ્રથમ જ કામગીરીમાં આ કરોડો રૂપિયાનો નશીલો જથ્થો શોધી કાઢીને મહત્વની ભૂમિકા ભજવી હતી. અમૃતસરના અટારી ખાતે તાલીમ મેળવ્યા બાદ તાજેતરમાં જ તેને અમદાવાદ એરપોર્ટ પર તૈનાત કરવામાં આવ્યો હતો. કસ્ટમ્સ વિભાગ હવે આ ગાંજો કોના માટે લાવવામાં આવ્યો હતો.

## 6 વર્ષના પુત્રની નજર સામે અકસ્માતમાં પિતાનું મોત

સુરતઃ સચિન GIDC વિસ્તારમાં શનિવારે સાંજે એક કરુણ અકસ્માતમાં થ્રી-વ્હીલ ટેમ્પાના ચાલકનું મોત નીપજ્યું હતું. કાપડ યુનિટ પાસે દોરી વડે ટેમ્પો સ્ટાર્ટ કરતી વખતે ટેમ્પો અચાનક ગિયરમાં હોવાથી આગળ વધી ગયો હતો. તેને રોકવા પાછળ દોડેલા ચાલક ટેમ્પો અને ઈલેક્ટ્રિક DP વચ્ચે દબાઈ જતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

નવી સિવિલ હોસ્પિટલથી પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના શિખર ગામના વતની અને હાલમાં સચિન GIDCના પાલીગામ સ્થિત ડાયમંડ પાર્કમાં રહેતા 34 વર્ષીય રાજકુમાર પન્નારામ ચૌધરી શનિવારે સાંજે લક્ષ્મી ટેક્સટાઈલ પાર્કમાં કાપડના યુનિટમાંથી માલ લેવા માટે થ્રી-વ્હીલ ટેમ્પો લઈને ગયા હતા. માલ ભરતા પહેલાં તેઓ દોરી વડે ટેમ્પો સ્ટાર્ટ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તે દરમિયાન ટેમ્પો ગિયરમાં હોવાથી અચાનક આગળ દોડવા લાગ્યો હતો.

ટેમ્પાને રોકવા માટે રાજકુમાર તેની પાછળ દોડ્યા હતા, પરંતુ ટેમ્પો અને નજીક આવેલી ઈલેક્ટ્રિક DP વચ્ચે ફસાઈ જતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

# ચોમાસામાં વિદ્યાર્થીઓની સુરક્ષાની જવાબદારી સંચાલકોના માથે

**DEOની** કડક માર્ગદર્શિકા: જર્જરિત બિલ્ડિંગથી લઈ વીજ વાયર, પાણીના ખાડા અને મચ્છર નિયંત્રણ સુધી દરેક મુદ્દે કાર્યવાહી ફરજિયાત

**બેદરકારી** સાબિત થશે તો આચાર્ય-મેનેજમેન્ટ સામે શિસ્તભંગના પગલાં

સુરતઃ ચોમાસા દરમિયાન શાળાઓમાં સર્જાઈ શકતી દુર્ઘટનાઓને રોકવા માટે સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ તમામ સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓ તેમજ હોસ્ટેલ સંચાલકો માટે કડક સુરક્ષા માર્ગદર્શિકા જાહેર કરી છે. આ માર્ગદર્શિકા માત્ર સૂચનાત્મક નહીં, પરંતુ શાળા સંચાલકોની જવાબદારી નક્કી કરતી હોવાથી હવે વિદ્યાર્થીઓની સુરક્ષા અંગેની કોઈપણ બેદરકારી સીધી આચાર્ય અને મેનેજમેન્ટને જવાબદાર ઠેરવી શકે છે.

દર વર્ષે ચોમાસા દરમિયાન જર્જરિત ઈમારતોના ભાગો ધરાશાયી થવા, ખુલ્લા વીજ વાયરો, પાણી ભરાયેલા ખાડા અને વૃક્ષો પડવા જેવી ઘટનાઓ સામે આવતી હોય છે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓના જીવને જોખમ ન સર્જાય તે માટે DEOએ શાળાઓને આગોતરા તમામ સુરક્ષા વ્યવસ્થાઓ પૂર્ણ કરવા આદેશ આપ્યો છે. માર્ગદર્શિકા મુજબ શાળાના કોઈપણ જર્જરિત ઓરડા, દીવાલ કે અન્ય ભયજનક ભાગોને તાત્કાલિક અસરથી તોડી પાડવા અથવા ત્યાં પ્રવેશ સંપૂર્ણપણે બંધ કરી બેરિકેડિંગ કરવું ફરજિયાત રહેશે. વીજળીના ખુલ્લા કે જોખમી વાયરનું સમારકામ, અર્થિંગની ચકાસણી તેમજ વરસાદી પવનમાં પડી શકે તેવા વૃક્ષો અને ડાળીઓને દૂર કરવાની પણ સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ માટે પાણી સંબંધિત જોખમોને ધ્યાનમાં રાખીને શાળા પરિસરમાં આવેલી પાણીની ટાંકી, સેપ્ટિક ટેન્ક, ખાળકૂવા અને અન્ય ખુલ્લા સ્થળોની ફરતે ફેન્સિંગ કરી તેને તાળાબંધ રાખવા જણાવાયું છે. મેદાનમાં વરસાદના કારણે સર્જાયેલા ખાડાઓ પાસે ચેતવણી બોર્ડ મૂકવા અને વિદ્યાર્થીઓને ત્યાં જતાં રોકવા પણ સૂચના આપવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે સંબંધિત આ સૂચનાઓના પાલનમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે ઉદાસીનતા સામે આવશે તો સંબંધિત આચાર્ય, શાળા સંચાલક અથવા મેનેજમેન્ટ સામે નિયમો મુજબ કડક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.

# બારડોલીના ઈસરોલીમાંથી ૧૧,૨૪૬ રૂ.નો ગાંજો ઝડપાયો

**બાવળી** ફળિયામાં આંબાની નીચે જૂના સોફામાં ગાંજો સંતાડ્યો હતો

બારડોલીઃ બારડોલી ટાઉન પોલીસે બાતમીના આધારે ઈસરોલી ગામની સીમમાં દરોડા પાડીને ગાંજો ઝડપી પાડ્યો છે. જ્યારે નશીલા પદાર્થના સપ્લાયરની શોધખોળ શરુ કરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, ૨૭ જૂન ૨૦૨૬ના રો જ સાંજના સમયે બારડોલી તાલુકાના ઈસરોલી ગામે આવેલા બાવળી ફળિયામાં રેડ કરવામાં આવી હતી. આરોપીએ પોતાના ઘરની આગળ આવેલા આંબાની નીચે એક જૂનો સોફા રાખ્યો હતો તેમાં આ ગાંજો છુપાવવામાં આવ્યો હતો.

પોલીસે દરોડા દરમિયાન ઘ ટનાસ્થળેથી કુલ ૨૨૪.૯૩ કિલોગ્રામ ગેરકાયદેસર ગાંજો જપ્ત કર્યો હતો, જેની કિંમત ૧૧,૨૪૬ થાય છે. આ ઉપરાંત પોલીસને ત્યાંથી રૂપિયા ૪૫૦ની રોકડ રકમ અને આશરે ૨૫,૦૦૦ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. આમ, પોલીસે સ્થળ પરથી કુલ ૩૬,૬૯૬નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ રેડ દરમિયાન પોલીસે ૩૮ વર્ષીય ભાવેશભાઈ ચીમનભાઈ ચૌધરી (રહે. ઈશરોલી ગામ, બાવળી ફળિયું, તા. બારડોલી)ની અટકાયત કરી છે. તેની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે જગદીશ નામનો અન્ય એક ઈસમ પાસ-પરમિટ વગરનો આ નશીલો પદાર્થ પૂરો પાડતો હતો, જેને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

# સુરત પારસી પંચાયત દ્વારા પ્રતિભાશાળીઓનું સન્માન કરાયું

**પૂર્વ** મહિલા ક્રિકેટર પદ્મશ્રી ડાયના એદલજી, બેહરોઝ એદલજી, માજી ઇન્ટરનેશનલ એમ્પાયર બોમી જમુલા, પદ્મશ્રી યઝદી કરંજિયા, પદ્મશ્રી યઝદી ઇટાલિયાને સન્માનિત કરાયા



સુરતઃ સુરતના સૈયદપુરા વિસ્તારમાં આવેલી એન્ટી ધર્મશાળામાં શિક્ષણ, વિજ્ઞાન, રમતગમત, કલા, સાહિત્ય, ઉદ્યોગ અને સમાજસેવા ક્ષેત્રે સિદ્ધિ મેળવનારાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. સુરત પારસી પંચાયત ટ્રસ્ટ અને ફંડના પ્રમુખ ડો.હોમી દૂધવાલા, ટ્રસ્ટીઓ ડૉ.પર્સી એન્જિનિયર, ડૉ. રેમન્ડ એમ. પરબિયા અને માલ્કમ ટી. પંડોલ દ્વારા આયોજિત આ સમારોહમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન પદ્મશ્રી ડાયના એદલજી, પૂર્વ ભારતીય ટેસ્ટ ક્રિકેટર બેહરોઝ એદલજી, પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ એમ્પાયર બોમી જમુલા, પંચાયતના ટ્રસ્ટી અને પ્રસિદ્ધ નાટ્યકાર પદ્મશ્રી યઝદી કરંજિયા, સિકલસેલ એનિમિયા રિસર્ચર પદ્મશ્રી ડો.યઝદી ઈટાલિયા, ગ્લોબલ એજ્યુકેશન એન્ડ એકેડેમિક રિસર્ચના પ્રો.વાહબીઝ એન્જિનિયર, પંચાયતના પૂર્વ પ્રમુખ અને બેકરી ઉદ્યોગના અગ્રણી જમશેદ દોટીવાલા અને પંચાયતના પ્રમુખ હોમી દૂધવાલાને સન્માનિત કરવામાં આવ્યા હતા. ટ્રસ્ટી માલ્કમ પંડોલે જણાવ્યું હતું કે, એન્ટી ધર્મશાળા ખાતે સન્માન સમારંભ સુરતના વરિષ્ઠ દસ્તૂરજી સાહેબ સાયરસ એન. દસ્તૂરના પ્રમુખસ્થાને યોજાયો હતો. સમારંભ દરમિયાન નરીમાન ઝોરોસ્ટ્રિયન ગર્લ્સ ઓર્ફનેજની બોર્ડ પરીક્ષામાં 100 ટકા પરિણામ મેળવનાર વિદ્યાર્થિનીઓ અને તેમના શિક્ષકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ઝોરોસ્ટ્રિયન ક્લબ, સુરતની ચેમ્પિયન ક્રિકેટ ટીમને પણ સન્માનિત કરવામાં આવી હતી.આ પ્રસંગે મોટી સંખ્યામાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના પારસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અનુસંધાન ... પાના પહેલાનું

### અમેરિકા-ઈરાન...

કરશે, હોર્મુઝની સામુદ્રધુનીને ફરીથી ખોલવામાં વિલંબ કરશે અને તણાવનું સ્તર વધારશે; જેમ કે આપણે છેલ્લા બે દિવસમાં હોર્મુઝની સામુદ્રધુનીમાં બનેલી ઘટનાઓ જોઈ છે જેના કારણે તણાવ અને સંઘર્ષમાં વધારો થયો છે. અમેરિકા અને ઈરાન હજુ પણ વચગાળાના શાંતિ કરારની શરતો પર ચર્ચા કરી રહ્યા છે, જેમાં સામુદ્રધુનીમાંથી શિપિંગની વ્યવસ્થા, અમેરિકા દ્વારા લાદવામાં આવેલી નાકાબંધી અને પ્રતિબંધો હટાવવા તેમજ ઈરાનના અત્યંત સમૃદ્ધ યુરેનિયમના ભંડારના ભવિષ્ય અંગેની બાબતો સામેલ છે. આ મહિનાની શરૂઆતમાં હસ્તાક્ષર કરાયેલા સમજૂતી પત્ર(MOU) હેઠળ, અમેરિકા અને ઈરાન પાસે વિગતો નક્કી કરવા માટે ૬૦ દિવસનો સમય છે.

### ભારત અને...

એરક્રાફ્ટને અપગ્રેડ કરવાની પણ જાહેરાત કરી હતી. વિકાસલક્ષી અન્ય પહેલોમાં ૬ એમ્બ્યુલન્સ, ૫૦૦ મેટ્રિક ટન ચોખા અને ૮,૫૦૦ મેટ્રિક ટન સિમેન્ટ સોંપવાનો, રાજદ્વારી સંબંધોના ૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સ્મરણાર્થે લોગો લોન્ચ કરવાનો અને એક પ્રોફેશનલ એન્ડ ટેકનિકલ એજ્યુકેશન સેન્ટર માટે વર્ચ્યુઅલ ભૂમિપૂજન સમારોહનો સમાવેશ થાય છે, તેમ વિદેશ મંત્રાલયે 'X' પર શ્રેણીબદ્ધ પોસ્ટ્સમાં જણાવ્યું હતું.

### સેશલ્સ દ્વારા...

દ્વારા આવું પ્રથમ સન્માન અપાયું છે. આ સન્માન બદલ મોદીએ સેશલ્સનો આભાર માન્યો હતો અને આ એવોર્ડ તે દેશોને અર્પણ કર્યો હતો, જેઓ હવામાન પરિવર્તનના પડકારો સામે લડી રહ્યા છે.

''સેશલ્સના લોકો અને સરકારનો તથા સાથોસાથ પ્રમુખ હર્મિનીનો મને આ સન્માન આપવા બદલ આભારી છું'' એમ વડાપ્રધાન મોદીએ આ એવોર્ડ મળ્યા પછી સોશ્યલ મીડિયા પર પોસ્ટ કર્યું હતું. મોદીએ કહ્યું હતું કે ''આપણા ગ્રહને વધુ હરિયાળો અને ટકાઉ બનાવવા જે કંઈ પણ જરૂરી હોય તે કરવા માટે ભારત તૈયાર છે અને આનું અમારી વિવિધ ઘરેલુ નીતિઓ અને આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન જેવા વૈશ્વિક પ્રયાસોમાં પ્રતિબિંબ પડે છે.'' અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદી આ ટાપુસમૂહ રાષ્ટ્ર પર ત્રણ દિવસની મુલાકાત માટે શનિવારે આવી પહોંચ્યા હતા જ્યાં તેઓ પ્રમુખ પેટ્રિક હર્મિની સાથે મંત્રણા કરશે અને સેશલ્સના રાષ્ટ્રીય દિનની સુવર્ણ જયંતિના ઉજવણી સમારંભમાં સન્માનિત મહેમાન તરીકે હાજરી આપશે.

### અયોધ્યા દાન...

સંબંધીઓ સાથે પણ વાત કરી હતી. આ આઠ આરોપીઓ - અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવ કુશ મિશ્રા, મનીષ કુમાર યાદવ, કરુણેશ પાંડે, રામ શંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ અને રમાશંકર ઉર્ફે ટિન્નુ યાદવ - રામ મંદિરમાં દાન તરીકે મળેલા રોકડ અને કિંમતી સામાનની ગણતરી સાથે જોડાયેલા હતા.